# બાળપણ અને કુટુંબજીવન

નિરંજન ભગતનો જન્મ અમદાવાદમાંય જૂના અ'વાદના હૃદયસમા ખાડિયામાં. લાખા પટેલની પોળમાં દેવની શેરીમાં. આ એમનું મોસાળ એટલે માતા મેનાબેનનું પિયર. બાપદાદાનું ઘર કાલુપુરમાં દોશીવાડાની પોળમાં, સાચોરાના ખાંચામાં. ઘર અને મોસાળ વચ્ચે આમ પાંચ જ મિનિટનું અંતર.

દાદા તજ-લવિંગના વેપારી હતા. એમની અટક ગાંધી હતી. પાછલી વયે દાદા જમાલપુરમાં ટોકરશાની પોળમાં મગન ભગતની ભજન મંડળીમાં જોડાયા હતા, ત્યારથી ભગત કહેવાયા. કુટુંબની અટક *'ભગત'* થઈ ગઈ. આમ ન બન્યું હોત તો આપણા કવિ નિરંજન ગાંધી તરીકે ઓળખાતા હોત!

દોશીવાડાની પોળમાં વૈષ્ણવ હવેલી. બાળક નિરંજનનો એનો પણ પૂરો લાભ મળ્યો. ત્યાં રમવાનું અને જમવાનું. મંગળા, ભોગ, ઊથાપન અને શયનનાં દર્શન. વસંતમાં અને વર્ષામાં જાતભાતના હિંડોળા. જન્માષ્ટમીએ જાગરણ. હવેલીનું કાયમનું કીર્તન સંગીત. *'હાથીઘોડા પાલખી, જય કનૈયાલાલ કી'* એવું ત્યારે નિરંજન પણ લલકારતા. થોર અને ખાસાપૂરીનો પ્રસાદ પામતા હતા.

આગળ કહ્યું તેમ દાદા મગન ભગતની ભજન મંડળીમાં જોડાયેલા એટલે ઘરના એક પટારામાં એમનાં મંજિરાં, કરતાલ અને કાંસીજોડા પડેલાં હતાં. નિરંજને એની સાથે રમવાનો પ્રયત્ન કરેલો. દાદીમા જેકોરબા નિરંજનને ખોળામાં સૂવાડીને જાતભાતનાં આખ્યાનો ગાય. *'ધન ધન ગંગાબાઈની વાળી, સવા વાલ થયા વનમાળી'* આ સાંભળતાં સાંભળતાં નિરંજન ઊંઘી જાય! ઘરમાં રમકડાંમાં લાલજીની એક મૂર્તિ હતી. વૈષ્ણવો પહેરાવે એવાં વાઘાં એ મૂર્તિને પહેરાવેલા ન હતાં. બાળક નિરંજનને આ ખૂંચતું હતું. યુક્તિ કરીને સામેના ઘરના કાકાને ત્યાંથી એમના મંદિરના કબાટમાંથી લાલજીનાં વાઘાં ચોરી લાવ્યા. નિર્દોષ બાળકનો ઈરાદો ભગવાનના શરીરને ઢાંકવાનો હતો પણ માથે ચોરીનું આળ ચઢ્યું! પકડાઈ ગયા. પાછળથી ભગતસાહેબે લખ્યું છે : *'ભગવાનની આબરુ ઢાંકવા ગયો અને ઉઘાડો પડ્યો.'* તે પછી પ્રાયશ્ચિતરૂપે આ ઘટનાનું કાવ્ય પણ કર્યું તેમાં એક પંક્તિ લખી :

*'મારા ભગવાન નાગા, તે મેં ચોર્યાં વાઘાં.'*

ચાર ધોરણ સુધીનો અભ્યાસ નજીકની હાજા પટેલની પોળમાં મ્યુનિસિપલ શાળામાં કર્યો. પિતાજી જ્યારે પ્રવાસે જાય ત્યારે બાળક નિરંજન સાથે જવા જિદ ન કરે તે હેતુથી પિતા એમને પાઈપૈસો, રૂપિયા બે રૂપિયા આપે. નિરંજન દોડતાકને શાળાની સામેની ચોપડીઓની દુકાનમાંથી નાની નાની ચોપડીઓ ખરીદી લાવે. આજે આશ્ચર્ય થાય એવી વાત છે પણ નિરંજને આવી રીતે સો-બસો નાની નાની ચોપડીઓનો સંગ્રહ કર્યો હતો!

કમનસીબ અને દુઃખ- એવી ઘટના તો એ છે કે તેમના પિતાએ નિરંજનની દસ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો એટલે કે ઘર છોડીને જતા રહ્યા. ક્યાં ગયા, ક્યાં જીવ્યા, ક્યાં-ક્યારે મર્યા એની કોઈ ખબર કુટુંબને કદી પડી નહીં! ભારતીય સ્ત્રી શું કરે? ત્રણ સંતાનોને લઈને માતા મેનાબા એલિસ પુલના પશ્ચિમ છેડે 'ચંદન ભવન'માં પોતાના પિયરમાં આવીને વસ્યાં.

અમદાવાદ બાંધ્યું અહમદશાહે, પંદરમી સદીમાં. મુસ્લિમોના શાસન પછી અઢારમી સદીમાં મરાઠાઓનું શાસન હતું પછી ઓગણીસમી સદીથી અંગ્રેજોનું. અમદાવાદના કોટ-દરવાજા, મસ્જિદ-મિનારા, મધ્યકાલીન સાંપ્રદાયિક ધાર્મિક સંસ્કૃતિનાં પ્રતીકો છે. 1926માં નિરંજનના જન્મ સમયે શહેરની ચારેકોર દરવાજાઓ સાથેનો કોટ હતો. અમદાવાદ એક બંધનગર હતું. તે પછી કોટની બહાર સમયાંતરે પચાસેક કાપડની મિલો ઊભી થયેલી. આ મિલો ઔદ્યોગિક સંસ્કૃતિનું પ્રતીક હતી. સાબરમતી નદીને પેલે પાર ગાંધીજીએ કોચરબ આશ્રમ સ્થાપેલો. સાબરમતી નદીના એક તટે કાપડની મિલોનો ધુમાડો ને બીજી કાંઠે ગાંધીના રેંટિયાનું મધુર ગુંજન. તે પછી તો અમદાવાદનો કોટ તૂટવા લાગ્યો અને રસ્તાઓ પથ્થરના અને ડામરના થયા.

ઘોડાગાડીનું સ્થાન બસમોટરોએ લીધું. દિવેલના માટીનાં કોડિયાં અને કેરોસિનના કાચના ફાનસને સ્થાને વીજળીના દીવા આવ્યા. આ પરિવર્તનકાળ સમયનું અને તે પૂર્વેના અમદાવાદનું વર્ણન આપણા હાસ્યલેખક તારક મહેતાએ પણ એમની રસિક આત્મકથા *'ઍક્શન રિપ્લે'*ના પહેલા ભાગમાં બહુ વિગતે કર્યું છે.

ખાડિયામાં ત્યારે નાગર કુટુંબો વધુ વસતાં હતાં. આ નાગરો વિદ્વત્તા અને વ્યવસ્થાશક્તિ માટે ખૂબ જાણીતાં. એ જ રીતે કાલુપુરમાં જૈન કુટુંબો વધુ વસતાં. જૈનો વેપાર-ઉદ્યોગ માટે જાણીતા હતા. આમ બાળપણમાં નિરંજનને બંનેનો લાભ મળ્યો. નાગરો પાસેથી ભાષાની શુદ્ધતા મળી અને વિદ્યાનો વારસો મળ્યો. તો વળી જૈનો પાસેથી સ્વચ્છતા અને કૂનેહના ગુણો સાંપડ્યા. વધારામાં વૈષ્ણવ હવેલીને કારણે ભક્તિ અને ભક્તોની દોડધામના સાક્ષી બનવાનું પણ થયું. આમ જીવનમાં ઉપયોગી એવા વ્યાપક સંસ્કાર એમને પ્રાપ્ત થતાં રહ્યાં.

નિરંજનના કાકા રામ હરિ ભગત અંગ્રેજી સાહિત્યના તેજસ્વી વિદ્યાર્થી હતા. ઉદ્યોગપતિ અને શહેરના મહાજન ગણાયેલા કસ્તૂરભાઈ લાલભાઈના એ પરમ મિત્ર. બંને ઉંમરમાં સમોવડિયા. કસ્તૂરભાઈના કુટુંબમાં કાકાનું કુટુંબીજન તરીકેનું સ્થાન. કાકા લંડન પણ જઈ આવેલા. 1919થી 1923 દરમિયાન પાંચેક વર્ષ વિદેશમાં રહીને બેરિસ્ટર થયેલા. લંડનથી પાછા આવ્યા પછી ત્રીસેક વર્ષની કાચી ઉંમરે તેમનું અવસાન ક્ષયરોગથી કસ્તૂરભાઈના શાહીબાગના ઘરમાં થયેલું. આ ઘટના જોકે નિરંજનના જન્મ પૂર્વેની. પછી એમનાં કપડાં નિરંજનને કદ પ્રમાણે નવેસરથી સિવડાવીને પહેરવાના આવેલાં. એક વિલાયતી પટારામાં કાકાના ત્રણસો જેટલાં અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકો હતાં. બાળક નિરંજનને એક પુસ્તિકામાં બહુ રસ પડેલો જે લંડનનો નકશો હતો. વારેવારે લાલ પૂઠાંનો અને પીળા કાગળનો એ નકશો તે જોતા રહેતા. ક્યારેક લંડનના અસલ રાજમાર્ગો પર આંટો મારવા મળશે એવાં સ્વપ્નો જોતા. વિલાયતી કપડાં, અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકો અને લંડનનો નકશો આ કાકા રામ હરિ ભગતનો વારસો હતો. ભગતસાહેબને જીવનભર જે બે શોખ રહ્યા તે આ જ હતા : *મોંઘા કપડાંનો અને પુસ્તકોનો.*

નિરંજન ભગતનો પ્રાથમિક શિક્ષણનો સમયગાળો 1932થી 1936નો. એ વખતે 100-200 પુસ્તકોનો સંગ્રહ તેમણે કર્યો હતો તેમાં એક હતું *'બિલોરી પહાડ'*. જેનાં વર્ણનોનાં ચિત્રોથી નિરંજનની આંખો પછીથી વાત કરતી વખતે પણ ચમકી જતી. પડોશમાં એ વયે રમવા માટે છોકરાઓ ન હતા પણ એમના વયની માત્ર છોકરીઓ જ હતી. પાંચ-સાત છોકરીઓમાં નિરંજન એક જ છોકરો. તેથી છોકરાઓ નાનપણમાં ઘરની બહાર પત્તાં, લખોટીઓ કે ગિલ્લીદાંડાની રમતો રમે તે નહીં પણ કુકા, દોરડાં ને ઘરઘરની રમતો જ તે રમેલા. પરિણામે મોટા થયા પછી પણ તેમને રમતગમતનું કે કસરત-વ્યાયામનું આકર્ષણ ન થયું. મોટા થયા પછી માત્ર ક્રિકેટમાં રસ લેતા.

માતાના પિતા અમદાવાદના અગ્રણી શ્રીમંત કુટુંબોમાંના એક શરાફી કુટુંબ માણેકચંદ ગોરધનના વંશજ. ચતુર વેપારી ફણ એમને સાહિત્ય સર્જનમાં પણ રસ હતો. ઘરમાં અને મંદિરમાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવધર્મ અને ભક્તિનું વાતાવરણ. તેમ છતાં ચિત્ત પર મધ્યકાલીન સાંપ્રદાયિકતા કે ધાર્મિકતાનો કોઈ પ્રભાવ ન હતો. એમને તો પ્રસાદ, ભજન, દર્શન વગેરેમાં બાળસહજ રસ હતો. નિરંજન માતા-પિતાનું પહેલા ખોળાનું લાડકું સંતાન હતા. એમનું બાળપણ સંપૂર્ણપણે સુખમાં વીત્યું હોવાનું એમને સ્મરણ છે. દુઃખના દિવસનું એમને સ્મરણ ન હતું. મોટી વયે કવિતા લખતા થયા ત્યારે એમણે લખ્યું છે કે, *“કવિતામાં હું શૈશવ શોધું છું!”*

નાગર કુટુંબોના સહવાસને કારણે નિરંજન પર ઉચ્ચારો અને બોલવાની રીત પર પ્રભાવ પડ્યો. તો જૈનોનાં વસ્ત્રો અને પહેરવાની રીત તેમના પર અસર કરી ગઈ. બાળચિત્ત પર સંસ્કારિતા અને નાગરિકતાની અસર પડી તે જીવનભર રહી. નિરંજનને બે નાના ભાઈઓ અરુણ (જન્મ 1929) અને અજીત (જન્મ 1933). માતા બત્રીસ વર્ષનાં. આ કુટુંબ માતાના પિયરમાં ચંદનભવનમાં આવીને વસ્યું. ત્યાં માતાના પાંચ નાના ભાઈઓ અને ભાભીઓ સાથે જીવવાનું થયું. મેનાબાને હવે હિંદુ સંયુક્ત કુટુંબનું સુખદુઃખ જીરવવાનું થયું. માતા સહનશીલતાની મૂર્તિ હતાં. નિરંજનને પિતાના ઉગ્ર મિજાજ અને ઊંચા અવાજનો અને માતા તરફથી સ્પષ્ટ ઉચ્ચાર અને સુંદર અક્ષરોનો વારસો મળ્યો. માતાને કારણે સહનશીલતાનો ગુણ મળ્યો ને પિતાને કારણે સ્વમાનશીલતાનો. દસ વર્ષની વયે ચંદનભવનમાં નિરંજનને પહેલ પરથમ વાર એકાંત અને એકલતાનો અનુભવ થયો જે લગભગ કાયમી રહ્યો. સામે જ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય શરૂ થયું હતું. તેથી નિરંજન કલાકોના કલાકો સુધી ત્યાં બેસી રહેતા. વાંચન દ્વારા એકલતાને જીરવવાનું શક્ય બન્યું. ચંદનભવનના મોસાળના કુટુંબમાં પંદરેક સભ્યો વચ્ચે રહેવાનું અને લાઇબ્રેરીમાં એકલા વાંચવાનું. હૃદયનો વિસ્તાર અને બુદ્ધિનો વિકાસ અને બંને વચ્ચેની સમતુલા અને કંઈક પ્રકારની તટસ્થતા આ બધું એક સાથે અંકુરિત થવા માંડ્યું.

*કવિ અને કવિતા*

*કવિનું હોવું*
*અને કાવ્યનું થવું*
*એ મનુષ્યજાતિનું*
*સદ્ભાગ્ય છે અને*
*માનવજીવનની*
*સંજીવની છે.*



## હરી ગયો

*હરિવર મુજને હરી ગયો!*
*મેં તો વ્હાલ કીધું ન્હોતું ને તોયે મુજને વરી ગયો!*
*અબુધ અંતરની હું નારી,*
*હું શું જાણું પ્રીતિ!*
*હું શું જાણું કામણગારી*
*મુજ હૈયે છે ગીતિ!*
*એ તો મુજ કંઠે બે કરથી વરમાળા રે ધરી ગયો!*

*સપનામાં યે જે ના દીધું,*
*એ જાગીને જોવું!*
*આ તે સુખ છે કે દુ:ખ મીઠું?*
*રે હસવું કે રોવું?*
*ના સમજું તોયે સ્હેવાતું એવું કંઈ એ કરી ગયો!*
*હરિવર મુજને હરી ગયો!*

***- 1948***